**અગત્યનું**

ક્રમાંક:મઉમશબ/ક-૧/૨૦૨૧/૯૫૩૭૯૮૬
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૬/૧૦/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાના આયોજન બાબત.

સંદર્ભ :- ૧) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/ક-૧/કસોટી/૨૦૨૧/૯૨૩, તા.૨૨/૦૯/૨૦૨૧
૨) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/ક-૧/પ્ર.પ/૨૦૨૧/૯૪૮, તા.૨૩/૦૯/૨૦૨૧

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભ દર્શિત પત્રોથી ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષાના આયોજન બાબતે સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુજરાતની વિવિધ શિક્ષણ સાથે સંકળાયેલા સંગઠનો અને શાળાઓ દ્વારા પ્રથમ કસોટીના પ્રશ્નપત્રો બાબતે કોવીડ-૧૯ ની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખી સંદર્ભિત પત્રોથી બોર્ડ દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ બાબતે પુનઃ વિચારણા કરવા વિનંતી કરેલ છે.

ઉક્ત બાબત અંગે સરકારશ્રી દ્વારા વિશદ વિચારણા કરવામાં આવેલ છે. જે અન્વયે કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ ધોરણ-૧૨ માટે ૧૫ જુલાઈથી અને ધોરણ-૯ થી ૧૧ માટે ૨૬ જુલાઈથી શરૂ કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ વિદ્યાર્થીની હાજરી ૫૦% રાખવાની હોય છે. તેમજ વાલીની લેખિત સંમતિ પછી જ વિદ્યાર્થી શાળામાં હાજરી આપી શકે છે. જેથી દરેક શાળામાં અભ્યાસક્રમ એક સરખો ચાલ્યો ન હોય તેવી સંભાવના છે. ઉક્ત બાબતો ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ-૯ થી ૧૨માં પ્રથમ પરીક્ષા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જે વિષયોના પ્રશ્નપત્રો શાળાઓને જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે મોકલવામાં આવનાર છે તે માટે શાળાઓને વિકલ્પ આપવામાં આવે છે. જે શાળાઓ બોર્ડના પ્રશ્નપત્રોનો ઉપયોગ પ્રથમ પરીક્ષા માટે સ્વૈચ્છિક ધોરણે કરવા માગતી હોય તેવી શાળાઓ આ પ્રશ્નપત્રોનો ઉપયોગ કરી શકશે અને જે શાળાઓ પોતાની રીતે શાળાકક્ષાએ પ્રશ્નપત્રો તૈયાર કરવા માંગતી હોય તેવી શાળાઓ

શાળાકક્ષાએ પ્રશ્નપત્રો તૈયાર કરી શકશે. તા.૧૮/૧૦/૨૦૨૧થી શરૂ થતી પ્રથમ પરીક્ષાના આયોજન માટે શાળાઓને બોર્ડના પ્રશ્નપત્રોનો સ્વૈચ્છિક રીતે વૈકલ્પિક ધોરણે ઉપયોગ કરવા અંગે આપશ્રીના તાબાની નોંધાયેલ તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

| | | |
|---|---|---|
| પરીક્ષા સચિવ | નાયબ નિયામક (પરીક્ષા) | નાયબ નિયામક (પરીક્ષા)વતી |
| ગુજરાત માધ્યમિક અને | સામાન્ય પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, | ગુજરાત માધ્યમિક અને | ગુજરાત માધ્યમિક અને |
| ગાંધીનગર | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, |
| | ગાંધીનગર | ગાંધીનગર |

નકલ સવિનય રવાના :-

- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રા. શિ. અને મા. શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

પ્રતિ,

ક્ર.નં. મા.શ/૨૦૨૧/૬૪૦૩૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
સુરત, જિ. સુરત
તા. ૦૭/૧૦/૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર અને જિલ્લાની મા. અને ઉ.મા. શાળાઓ તરફ

સદર પત્ર સંદર્ભે જે શાળા ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડના પ્રશ્નપત્રનો પ્રથમ પરીક્ષામાં ઉપયોગ કરવા ઇચ્છા ધરાવતી હોય તેમણે આજરોજ તા. ૦૭/૧૦/૨૦૨૧ના બપોરે ૩:૦૦ કલાક સુધીમાં DVD કક્ષાએ માહિતી આપવાની રહેશે, અન્યથા આપ શાળા કક્ષાના પ્રશ્નપત્રનો ઉપયોગ કરવાના છો તેમ ~~[illegible]~~ સમજવામાં આવશે.



જિલ્લા શિક્ષણાધિકારી